**વડોદરાના મહે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, વડોદરા.**

**જુનો ફો.કેસ નં. ૨૦૩૦/૧૯૯૫**

**નવો ફો.કેસ નં. ૩૫૧૧૧/૧૯૯૫**

**<u>આંક– ૦૧ નીચે હુકમ.</u>**

(૧) આ કેસનું રેકર્ડ ધ્યાને લેતાં હાલના ફરીયાદીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબની ફરીયાદ આ કામના આરોપી વિરૂધ્ધ દાખલ કરેલ. જે કામે મારા પુરોગામી પ્રી.ઓ.શ્રી દવારા ફરીયાદીનું વેરીફીકેશન લઈ તા. ૧૨.૦૫.૯૪ ના રોજ હાલની ફરીયાદ ક્રીમીનલ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરેલ. પરંતુ ત્યારબાદ ઘણા સમય સુધી ફરીયાદીએ નામદાર કોર્ટમાં હાજર થઈને આગળની કાર્યવાહી કરવા માટે કોઈ જ પ્રયત્ન આજ દીન સુધી કરેલા નથી. જેથી ફરીયાદીને મુદૃત તારીખ ૨૯.૦૯.૨૦૧૮ ના રોજની નોટીસ કરવામાં આવેલ જે નોટીસ ' સદર નોટીસમાં જણાવેલ સરનામે તપાસ કરતા સદર શોપમાં સદર નામની ઓફીસ આવેલ ન હોય સદર ઓફીસમાં હાલમાં આરીફભાઈનાઓને પુછતાં કોઈ વિગતવારનું સરનામુ કે માહીતી મળી આવેલ ન હોય બજવણી શકય બને તેમ નથી.' તેવા શેરા સાથે પરત આવેલ છે. જે નોટીસ આ કામે સામેલ રાખેલ છે. ફરીયાદી જાતે કે તેમના વિ.વ.શ્રી મારફતે કોર્ટમાં હાજર રહેલ નથી કે, મુદૃતનો રીપોર્ટ રજુ કરેલ નથી. જેથી આ કામ આજ રોજની સ્પે. સીટીંગમાં લેવામાં આવેલ છે. આજ રોજ ફરીયાદી તથા તેઓના વિ.વ.શ્રીનો દિવસ દરમ્યાન ત્રણ વાર પોકાર કરાવવા છતાં પણ ફરીયાદી પોતે જાતે કે તેઓના વિ.વ.શ્રી દવારા કોર્ટમાં હાજર રહેલ નથી. જે ધ્યાને લેતાં ફરીયાદીને હાલના કેસની કાર્યવાહી કરવામાં કોઈ રસ નહી હોવાનું જણાઈ આવે છે. આમ, ફરીયાદી નામદાર કોર્ટ રૂબરૂ સતત ગેરહાજર રહીને આગળની કાર્યવાહીમાં કોઈ સહકાર નહી આપતા હોવાથી તથા સદર કેસ ૨૦ વર્ષ કરતા પણ વધુ જુનો હોવાથી અને આગળની કાર્યવાહી કરવામાં ફરીયાદીને કોઈ રસ નહી હોવાનું જણાય આવતુ હોય સદર ફરીયાદ ક્રિ.પ્રો.કોડની કલમ: ૨૫૬ ની જોગવાઈ મુજબ ડીસમીસ કરવી આ કોર્ટને ન્યાયોચીત જણાય છે. **નામદાર સર્વોચ્ચ અદાલતનો ૨૦૦૮(૨) જી.એલ.એચ. પાન નં. ૪૩૪ ઉપરનો એસ. રામક્રિષ્ના વિ. એસ. રામી રેડ્ડીનો ચુકાદો** તથા **નામદાર વડી અદાલતનો ૧૯૯૫(૧) જી.એલ.આર. પાન નં. ૪૦૦** ઉપરનો **એ.એચ.પઠાણ વિ. અમીન ટેક્ષટાઈલ્સ**નો ચુકાદો વંચાણે લેતાં જયારે ફરીયાદી પોતાની ફરીયાદ બાબતે આગળની કાર્યવાહી કરતા ન હોય તો ફરીયાદીની ગેરહાજરી અને નોન પ્રોસીકયુશનના અભાવે ફરીયાદ ડીસમીસ કરવી જોઈએ. જે ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતોને માન સહ વંચાણે –લેતાં હાલની ફરીયાદ લગત નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**<u>હુકમ</u>**

હાલની ફરીયાદ ફરીયાદીની ગેરહાજરી અને નોન પ્રોસીકયુશનના કારણે ક્રિ.પ્રો.કોડની કલમ: ૨૫૬ અન્વયે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૧૩.૦૭.૨૦૧૯ ના રોજની ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩.૦૭.૨૦૧૯
વડોદરા.

( જયકુમાર ગુલાબરાય વડોદરીયા)
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વડોદરા.
કોડ નં. જી.જે.૦૦૩૪૧

**સ્પેશીયલ સીટીંગ**